ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:**https://gujrera.gujarat.gov.in**

ફરિયાદીઃ- કપીલ શર્મા
બી/૪, ભાવીતા સોસાયટી,
પંચવટી બસ સ્ટેન્ડ સામે,
રિફાઈનરી રોડ, ગોરવા,
વડોદરા-૩૯૦૦૧૬
E-MAIL : kjs7117@gmail.com

સામાવાળાઃ- પેસેફિકા લેક સાઇડ ડેવલોપર એલએલપી
૩૩, આમ્રપ્લાઝા બંગ્લો,
રામદેવ નગર, અમદાવાદ-૩૮૦૦૧૫
E-MAIL : casa1rera@pacificacompanies.com

પ્રોજેક્ટઃ- "કાસા લેકસાઈડ ફેસ-૧"

**(કોરમઃ શ્રી પી.જે.પટેલ, મેમ્બર-૧/ડો.દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર-૨)**

ફરિયાદ નં.CMP/AHMEDABAD/180911/000127

**હુકમ**

**તા.૧૮/૧૨/૨૦૧૮**

૧. ફરિયાદીએ વડોદરા ખાતે "કાસા લેકસાઈડ ફેસ-૧" માં ૪૫૦ નંબરનો ફ્લેટ ખરીદેલ જેની કિંમત પેટે ફરિયાદી દ્વારા રૂા.૫૨,૫૭,૭૪૯/- ની ચૂકવણી આ કામના સામાવાળાને એપ્રિલ-૨૦૧૮ માં કરેલ છે. પરંતુ અ કામના સામાવાળા એટલે કે "કાસા લેકસાઈડ ફેસ-૧" ના પ્રમોટર અને જમીન માલિક વચ્ચે તકરાર ચાલી રહેલ હોવાથી ફરિયાદીને પઝેશન મળેલ નહી તથા દસ્તાવેજ થયેલ નહી.

૨. આથી ફરિયાદી દ્વારા ગુજરેરા, ગાંધીનગર ખાતે ઓનલાઈન ફરિયાદ કરેલ અને પોતાનો કબજો મેળવવા દાદ માંગેલ.

૩. તા.૨૫/૧૦/૨૦૧૮ ના રોજ પેસેફિકા લેકસાઈડ ડેવલોપર એલએલપી દ્વારા ૧૭૬૬૬ રજિસ્ટ્રેશન નંબર થી કરવામાં આવેલ દસ્તાવેજની નકલ અને પઝેશન લેટરની નકલ પણ આપવામાં આવેલ છે અને પોતાની ફરિયાદ પાછી ખેંચવા ઓથોરિટી સમક્ષ માંગણી કરેલ છે.

હુકમ

ફરિયાદીની ફરિયાદનું નિરાકરણ થઈ ગયેલ હોઈ ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

મેમ્બર-૧ મેમ્બર-૨